**ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ (માલધારી) જાતિના તા. ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતની કમિટીની રચના કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક :અજપ/૧૦૨૦૦૮/૬૭૧/ચ(પાર્ટ ફાઇલ)

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૨૮/૦૪/૨૦૨૨

**વંચાણે લીધા :-**

૧) ભારતના રાષ્ટ્રપતિના ‘ધ શિડ્યુલ્ડ કાસ્ટસ એન્ડ શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ લીસ્ટસ(મોડિફિકેશન) ઓર્ડર ‘૧૯૫૬’ પ્રસિધ્ધ કરતું ભારત સરકારના ગૃહ મંત્રાલયનું તા.૨૯/૧૦/૧૯૫૬નું જાહેરનામું.

૨) વિભાગનો તા.૨૧/૦૧/૨૦૧૦નો સંકલિત ઠરાવ ક્રમાંક: અજપ-૧૦૨૦૦૮-૬૭૧-ચ

૩) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૪/૦૮/૨૦૨૦નો ઠરાવ.

૪) વિભાગનો તા.૦૧/૧૦/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અજપ/૧૧૨૦૨૦/૬૧૩/ચ

૫) વિભાગનો તા.૧૮/૧૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અજપ/૧૦૨૦૦૮/૬૭૧/ચ(પાર્ટ ફાઇલ).

૬) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૪/૦૫/૨૦૨૧નો ઠરાવ.

૭) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૫/૧૧/૨૦૨૧નો ઠરાવ

૮) અધ્યક્ષશ્રી ગીર,બરડા અને આલેચની કમિટી,અમદાવાદનો તા.૧૫/૦૩/૨૦૨૨નો પત્ર ક્રમાંક: ૬૧૬

**આમુખ:**

ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ(માલધારી)જાતિના તા.૨૯/૧૦/૧૯૫૬ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક(૩) હેઠળના ઠરાવથી શ્રી ડી.જી.કારીયા, નિવૃત જસ્ટીસશ્રી, ગુજરાત હાઇકોર્ટના અધ્યક્ષસ્થાને એક કમિટીની રચના કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક: (૫), (૬) અને (૭) પરના ઠરાવોથી સમિતિની મુદતમાં વખતો-વખત વધારો કરવામાં આવેલ. ઉક્ત કમિટીની મુદતમાં વધુ પાંચ માસનો વધારો કરવા સદરહુ કમિટીના અધ્યક્ષશ્રીએ વંચાણે લીધેલ ક્રમાંક: (૮)પરના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારોમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ ( માલધારી ) જાતિના તારીખ ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતની સદરહુ કમિટીની મુદતમાં તા.૦૪/૦૫/૨૦૨૨થી વધુ પાંચ માસ માટે એટલે કે, તા.૦૩/૧૦/૨૦૨૨ સુધી વધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ અંગેની અન્ય જોગવાઇઓ તા.૦૪/૦૮/૨૦૨૦ના સમાનાંકી ઠરાવ મુજબ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારની તા. ૨૨/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ મોદી)
સરકારના નાયબ સચિવ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન. મુખ્યમંત્રીશ્રી ના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી,બ્લોક નં. ૧, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી ડી.જી.કારીયા, માન. નિવૃત્ત ન્યાયમૂર્તિ . હાઇકોર્ટ, બંગલો નં.૧૨, સર્વોત્તમ નગર, મેમનગર ફાયર સ્ટેશનની સામે, હાટકેશ્વર સોસાયટીની પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪.
  ૨. D-101, Defence Colony, Ground floor, New Delhi-110024.
- શ્રી ઇશ્વરસિંહ બી.વાઘેલા, માન. નિવૃત પ્રિન્સીપાલ જિલ્લા ન્યાયાધીશશ્રી,એચ/૧૧, પાર્શ્વનાથ ટાવર, સુભાષ ક્રોસ રોડ નજીક, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
- શ્રી વી.એમ.ચૌધરી, નિવૃત્ત જિલ્લા સેશન્સ ન્યાયાધીશશ્રી, એ/૫૦૧, મહિન્દ્રા એપાર્ટમેન્ટ, સોમેશ્વર પાર્ક-૩ સામે, ગુલાબ ટાવર રોડ, થલતેજ, અમદાવાદ.
- શ્રી બી.કે.કુમાર નિવૃત્ત આઇ.એ.એસ., બ્લોક નં.૭૦૧/૭, શ્યામજીકૃષ્ણ વર્મા પાર્ક, સેક્ટર-૭, ગાંધીનગર.
- શ્રી આર.ડી.કટારા, નિવૃત્ત નાયબ વન સંરક્ષકશ્રી, ૩૯-બી,'જિમિલી', અંબિકાનગર-૧, પ્રમુખદર્શન એપાર્ટમેન્ટ નજીક, જુનાગઢ-૩૬૨૦૦૧.
- પ્રો.જે.સી.પટેલ, અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
- શ્રી સી.આર.સંગાડા, નિવૃત્ત અધિક કલેક્ટરશ્રી, પ્લોટ નં. ૫૩૬/૨, સેક્ટર-૪ બી, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, સચિવાલય, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ , બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, બ્લોક નં.૧૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર